વિષય:- વિજ્ઞાન ધોરણ:-૬ સત્ર:-૧

પાઠ – 3 પદાર્થોનું અલગીકરણ 25 marks

વિદ્યાર્થીનું નામ:-........................................................................................

**પ્રશ્ન 1 નીચેના પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. 3 marks**

(૧) મિશ્રણમાંથી આપણે કોઈ પદાર્થને શા માટે અલગ કરીએ છીએ ?

નુકશાનકારક ઘટક દૂર કરવા. બે જુદા જુદા ઉપયોગી ઘટકોને છુટા પાડવા.

બિનઉપયોગી ઘટકને દૂર કરવા. ઉપરના તમામ

(૨) નીચેના પૈકી કઈ ક્રિયા માટે પવન ઉર્જાનો ઉપયોગ કરીએ છીએ ?

હાથ વડે વીણવું અનાજનું છડવું ઉપણવું નિક્ષેપણ

(૩) શેકેલી સીંગના દાણા અને ફોતરાં અલગ કરવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરશો.

ચાળવું હાથ વડે વીણવું ઉપણવું છડવું

**2. ખરું કે ખોટું? 4 marks**

1. પાણી અને દૂધના મિશ્રણને ગાળણ વડે અલગ કરવામાં આવું છે.ઉત્તર:
2. દળેલું મીઠું અને ખાંડના મિશ્રણને ઊપણવાની ક્રિયા વડે અલગ કરી શકાય છે.ઉત્તર:
3. ચામાંથી ગાળણ વડે ખાંડ અલગ કરી શકાય છે.ઉત્તર:
4. અનાજ અને ફોતરાં નિતારવાની પદ્ધતિ વડે અલગ કરી શકાય છે.ઉત્તર:

**પ્રશ્ન 3. શા માટે આપણે મિશ્રણના વિવિધ ઘટકોને અલગ કરીએ છીએ? બે ઉદાહરણ આપો. 3 marks**

➢

**પ્રશ્ન 4. ઊપણવું એટલે શું? તે ક્યારે વપરાય છે? 3 marks**

➢

5.તમે દહીંમાંથી પાણી કેવી રીતે અલગ કરશો ?                                    2 marks

➢

6.'ચાળવું'અલગીકરણ પદ્ધતિનો ઉપયોગ થતો હોય ત્રણ ઉદાહરણ આપો. 2 marks

➢

6. ખાલી જગ્યા પૂરોઃ                                    4 marks

પ્રશ્ન 1. ચોખાના દાણાને ગૂંડાથી અલગ કરવાની પદ્ધતિને એ ....................કહે છે.

2.જ્યારે ગરમ કરીને ઠંડા કરેલા દૂધને કાપડના ટુકડા પર રેડવામાં આવે છેત્યારે કાપડના ટુકડા પર મલાઈ રહી જાય છે. મલાઈથી દૂધને અલગ કરવાની આ રીતને ...........કહે છે.

3. દરિયાના પાણીમાંથી મીઠું..................પદ્ધતિથી મેળવવામાં આવે છે.

4. જ્યારે ડહોળા પાણીને વાસણમાં આખી રાત રહેવા દેવામાં આવે છે ત્યારે અશુદ્ધિઓ તળિયે બેસી જાય છે. ચોખ્ખું પાણી પછી ઉપરથી કાઢી લેવામાં આવે છે. આ ઉદાહરણમાં અલગીકરણની ......................પદ્ધતિ ઉપયોગમાં લેવાઈ છે.

7.લીંબુના રસ અને ખાંડને પાણીમાં મિશ્રણ કરવાથી લીંબુ શરબત બને છે. તેને ઠંડું કરવા માટે તમે તેમાં બરફ ઉમેરો છો. તમારે શરબતમાં ખાંડ ઓગાળ્યા પછી બરફ ઉમેરવો જોઈએ કે પહેલાં?કઈ પરિસ્થિતિમાં વધુ ખાંડ ઓગાળવી શક્ય બનશે?4 marks

ઉત્તરઃ